# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 09-09-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day: WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર **અંકિતા મકવાણા** વાંચે છે.

*****************************************************

1. સંરક્ષણ મંત્રી રાજનાથસિંહે શ્રીલંકાના રાષ્ટ્રપતિ સાથે મુલાકાત કરીઃ દ્વિપક્ષિય સંબંધોને વધુ આગળ લઇ જવા ચર્ચા.
2. નાગરિક અને આર્થિક સુવિધાઓને નિશાન બનાવીને સાઉદી અરેબિયા પર હુથી હુમલાઓની ભારતે ટિકા કરી.
3. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જાહેર જીવનને 25 વર્ષપૂર્ણ થવાના ઉપલક્ષ્યમાં ભાજપ તેમના જન્મદિન 17 સપ્ટેમ્બરથી એક મહિના માટેનું સેવા સેતુ સંકલ્પ અભિયાન આરંભશે.
4. કાઠમંડુમાં ભારતીય ફોરેન્સિક ટીમે અત્યાર સુધીમાં એક હજાર 400થી વધુ ડીએનએ નમૂનાઓની કામગીરી કરી.
5. કેનેડાએ અમેરિકાના 600 થી વધુ ઉત્પાદનો પર 50 ટકા સુધીનો ટેરિફ લાદતા વેપાર વિવાદ વધ્યો.
6. ઇંધણના ભાવમાં વધારાના પગલે ભારતીય શેરબજારમાં કડાકો.

---

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...

# RAJNATH - SRI LANKA

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે આજે કોલંબોમાં શ્રીલંકાના રાષ્ટ્રપતિ અનુરા કુમારા દિસાનાયકે સાથે મુલાકાત કરી હતી. બેઠક દરમિયાન બંને નેતાઓએ સાંસ્કૃતિક, અને દરિયાઈ સહભાગીતાની ભાવના સાથે સહિયારા પ્રયાસો દ્વારા લોકકલ્યાણ માટે અવિરતપણે કામગીરી કરવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો. સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી સિંહે જણાવ્યું હતું કે બંને દેશોએ પ્રદેશની સલામતી, સુરક્ષા, શાંતિ અને સમૃદ્ધિ સુનિશ્ચિત કરવા માટે સંયુક્ત રીતે કામ કરવાનો પણ પુનરોચ્ચાર કર્યો છે.

# INDIA- HOUTHI ATTACK

નાગરિક અને આર્થિક સુવિધાઓને નિશાન બનાવીને સાઉદી અરેબિયા પર હુથી હુમલાઓની ભારતે ટિકા કરી છે, સાઉદી અરેબિયામાં થયેલા હુમલા અંગે મીડિયાના પ્રશ્નના જવાબમાં, વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે પ્રાદેશિક સુરક્ષા અને સ્થિરતાને નબળી પાડતાને જોખમમાં મૂકતા આવા હુમલાઓ અસ્વીકાર્ય છે.

# FUR REV EARLY BJP - PM 25 YEARS - 1

સાતમી ઓક્ટોરબરે પ્રધાનમંત્રીના જાહેર જીવનના 25 વર્ષ પૂર્ણ થઇ રહ્યા છે ત્યારે ભાજપ આ મહિનાની 17મી તારીખથી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જન્મદિવસ નિમિત્તે એક મહિનાનું સેવા સંકલ્પ અભિયાન શરૂ કરશે. આજે નવી દિલ્હીમાં એક પત્રકાર પરિષદને સંબોધતા ભાજપ પ્રમુખ નીતિન નવીને જણાવ્યું હતું કે વર્ષ 2001 માં સાત ઓક્ટોબરના દિવસે શ્રી મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે પોતાનો કાર્યકાળ શરૂ કર્યો હતો. તેમણે ઉમેર્યું હતું કે આ વર્ષોમાં, શ્રી મોદીએ જાહેર સેવાથી રાષ્ટ્ર સેવા સુધીના મંત્ર દ્વારા માર્ગદર્શન મેળવતા સેવાની આ યાત્રાને સતત કાર્યરત રાખી છે.

સેવા સંકલ્પ અભિયાન રક્તદાન શિબિરના આયોજનથી શરૂ થશે. શ્રી નબીને માહિતી આપી હતી કે ગામડાઓ અને શહેરી વિસ્તારોને જોડતી સેવા જ્યોતિ કળશ યાત્રા 7 ઓક્ટોબરના રોજ પણ યોજાશે. તેમણે જણાવ્યું હતું કે સેવા મેરા યોગદાન કાર્યક્રમ આ મહિનાની 17 તારીખથી 17 ઓક્ટોબર સુધી લોકભાગીદારી સાથે યોજાશે.

(બાઇટ: નિતિન નબિન, ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ (સેવા સેતુ)

*(सभी लोगों से यह उम्मीद की जा रही है कि 25 मिनट का कम से कम श्रमदान वो दें। इसमें करीब 25 अलग-अलग कार्यक्रम लिए गए हैं। हर व्यक्ति जो आम जनमानस है इसमें हम अपील करेंगे कि उनके भी योगदान से इस देश के विकास में योगदान मिले, परिवर्तन आए, इस दृष्टि से यह कार्यक्रम लिए गए हैं। इसमें समाज के जुड़े हुए विभिन्न विषयों को लिया गया है। सेवा सेतु अभियान 17 सितंबर से 17 अक्टूबर के बीच में प्रत्येक ब्लॉक स्तर पर शिविर कैंप आयोजित किए जाएंगे।)*

# FUR REV EARLY BJP - PM 25 YEARS – 2

તેમણે ઉમેર્યું હતું કે જ્યારે શ્રી મોદીએ દેશનું નેતૃત્વ સંભાળ્યું, ત્યારે ભારત નીતિગત લકવોનો સામનો કરી રહ્યું હતું અને તેને નાજુક પાંચ અર્થતંત્રોમાંના એક તરીકે ઓળખવામાં આવી રહ્યું હતું, પરંતુ આજે ભારત વિશ્વની સૌથી ઝડપથી વિકસતી મુખ્ય અર્થવ્યવસ્થા છે.

(બાઇટ: નિતિન નબિન, ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ (વિકસિત ભારત)

***(प्रधानमंत्री नरेंद्र मोदी जी के द्वारा विकसित भारत 2047 के संकल्प को लेते हुए हम भारत को आगे बढ़ाने में, देश को एक साथ लेकर चलने में और प्रधानमंत्री जी का जो मूल मंत्र रहा है 'सबका साथ, सबका विकास, सबका विश्वास और सबका प्रयास', उस मूल मंत्र को इस कार्यक्रमों में हम लोगों ने लाने का प्रयास किया है।)***

# AGA KHAN-VISIT INDIA

ઉપરાષ્ટ્રપતિ સી.પી.રાધાકૃષ્ણનના આમંત્રણ પર ,ઇસ્માઇલી સમુદાયના આધ્યાત્મિક નેતા પ્રિન્સ રહીમ આગા ખાન આજથી 15 સપ્ટેમ્બર સુધી ભારતની મુલાકાતે રહેશે

નવી દિલ્હીમાં રોકાણ દરમિયાન તેઓ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ ,પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ,ગૃહમંત્રી અમિત શાહ અને વિદેશ મંત્રી ડૉ.એસ.જયશંકરને પણ મળશે.

50મા ઇમામ તરીકે પદ સંભાળ્યા પછી પ્રિન્સ રહીમ આગા ખાન પાંચમનો ,ભારતનો આ પ્રથમ પ્રવાસ છે.

વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે તેઓ અમદાવાદ, મુંબઈ અને હૈદરાબાદની પણ યાત્રા કરશે જ્યાં આગા ખાન ડેવલપમેન્ટ નેટવર્ક વિવિધ વિકાસ અને પહેલોમાં સંકળાયેલ  છે.

# PUDUCHERRY : BY ELECTIONS

પુડુચેરીમાં આજે તટ્ટનચવાડી વિધાનસભા મતવિસ્તારની પેટાચૂંટણી માટે ઉમેદવારી પ્રક્રિયા શરૂ થઈ છે. જિલ્લા કલેક્ટર અને રિટર્નિંગ ઓફિસર કુલોથુંગને જણાવ્યું હતું કે ઉમેદવારો સવારે 11 વાગ્યાથી બપોરે 3 વાગ્યા સુધી રિટર્નિંગ ઓફિસરની ઓફિસમાં ઉમેદવારી નોંધાવી શકે છે. ઉમેદવારી નોંધાવવાની છેલ્લી તારીખ 16 સપ્ટેમ્બર છે. 17 સપ્ટેમ્બરે ચકાસણી થશે, જ્યારે ઉમેદવારીપત્રો 19 સપ્ટેમ્બર સુધી પાછા ખેંચી શકાશે.

6 ઓક્ટોબરે મતદાન અને 9 ઓક્ટોબરે મતગણતરી થશે.ચૂંટણીની જાહેરાત સાથે જ આદર્શ આચારસંહિતા અમલમાં આવી ગઈ છે

# BOMBAY HC : CHIEF JUSTICE

બોમ્બે હાઈકોર્ટના નવા મુખ્ય ન્યાયાધીશ તરીકે જસ્ટિસ મહેશ ચંદ્ર ત્રિપાઠી આજે શપથ લેશે.તેઓ હાઈકોર્ટના 50મા મુખ્ય ન્યાયાધીશ હશે.

મહારાષ્ટ્રના રાજ્યપાલ જિષ્ણુ દેવ વર્મા મુખ્ય ન્યાયાધીશને પદના શપથ લેવડાવશે. રાષ્ટ્રપતિએ સુપ્રીમ કોર્ટ કોલેજિયમની ભલામણને પગલે શનિવારે તેમની નિમણૂકને મંજૂરી આપી હતી.

ઉલ્લેખની છે કે, નિમણૂકની પૂર્વે જસ્ટિસ ત્રિપાઠી ,2013માં અલ્હાબાદ હાઈકોર્ટમાં વધારાના ન્યાયાધીશ તરીકે નિયુક્ત કરાયા હતા અને 2015માં તેઓ કાયમી ન્યાયાધીશ બન્યા હતા.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

ડેસ્ક

# EA- DNA PROFILE

વિદેશ મંત્રાલયે જણાવ્યું કે કાઠમંડુમાં ભારતીય ફોરેન્સિક ટીમે અત્યાર સુધીમાં એક હજાર 400થી વધુ ડીએનએ નમૂનાઓની કામગીરીમાં નોંધપાત્ર પ્રગતિ કરી છે.ટીમે અત્યાર સુધીમાં 328 ડીએનએની રૂપરેખાઓ તૈયાર કરી છે.તેમજ આજે ચિલાઇમમાં ટનલની પાણી અને કાદવ દૂર કરવાની પ્રવૃત્તિઓ ચાલુ રાખી હતી.

ટનલને સાફ કરવા માટે ભારે મશીનરીને સામેલ કરવા કામચલાઉ માર્ગનું નિર્માણ કાર્ય પણ આગળ વધી રહ્યું છે જે આગામી બે-ત્રણ દિવસમાં પૂર્ણ થવાની શક્યતા છે.

# REV.-CANADA---US-TARIFFS

કેનેડાએ અમેરિકાના 600 થી વધુ ઉત્પાદનો પર 50 ટકા સુધીનો ટેરિફ લાદતા બંને પડોશી દેશો વચ્ચે વેપાર વિવાદ વધ્યો છે. આ ટેરિફ ગઈકાલે રાતથી સત્તાવાર રીતે અમલમાં આવ્યા છે.

કેનેડાના વ્યવસાયો ફેડરલ સરકારના નવા લાગુ કરાયેલા "ડોલર-થી-ડોલર" ટેરિફ હેઠળ કાર્યરત છે, જે અમેરિકાથી થતી આશરે 28 બિલિયન ડોલરની આયાતને આવરી લે છે. અમેરિકી ઉત્પાદનો પર 15 થી 50 ટકા સુધીના ટેરિફ લાદવામાં આવ્યા છે. જેમાં સ્ટીલ અને એલ્યુમિનિયમ જેવા ઔદ્યોગિક ઉત્પાદનો ઉપરાંત રોજિંદી જરૂરિયાતની વસ્તુઓનો સમાવેશ થાય છે.

દરમિયાન ટ્રમ્પે ફેડરલ એજન્સીઓને જ્યાં સુધી કેનેડા અમેરિકાના વ્યવસાયો અને ખેડૂતોને તેના બજારમાં સમાન પ્રવેશ ન આપે ત્યાં સુધી કેનેડાના ઉત્પાદનોની ખરીદી બંધ કરવા આદેશ આપ્યો છે.

સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી ટ્રમ્પે કેનેડા પર અન્યાયી વેપાર પ્રથાઓનો આરોપ લગાવ્યો હતો.

# MONSOON-LAST-SPELL

નૈઋત્યનું ચોમાસું પાછું ખેંચાય તે પહેલાં, 12 થી 21 સપ્ટેમ્બર દરમિયાન મધ્ય, દક્ષિણ, પૂર્વ અને પશ્ચિમ ભારતના મોટાભાગના વિસ્તારોમાં વરસાદની શક્યતા છે. હવામાન મોડેલ સૂચવે છે કે આગામી વરસાદ નબળા પડી રહેલા ચોમાસા ચક્રને પુનર્જીવિત કરી શકે છે. જેથી સપ્ટેમ્બરના ઉત્તરાર્ધમાં દેશના ઘણા ભાગોમાં વરસાદ અને વાવાઝોડાની શક્યતા છે. નવીનતમ ઉપગ્રહ છબીઓ ભારતીય ઉપખંડના મોટાભાગના વિસ્તારોમાં, ખાસ કરીને ઉત્તરપશ્ચિમ ભારતમાં, વાદળોના આવરણમાં નોંધપાત્ર ઘટાડો દર્શાવે છે, જ્યારે પૂર્વ અને દક્ષિણ પ્રદેશોમાં વરસાદ ધરાવતા વાદળોના સમૂહ સક્રિય જોવા મળી રહ્યા છે.

ખેડૂતો માટે, વરસાદનો આ સમયગાળો મહત્વપૂર્ણ રહેશે. જે જમીનની ભેજ જાળવવા અને મહત્વપૂર્ણ વિકાસ તબક્કા દરમિયાન પાકને ટેકો આપવા માટે મહત્વપૂર્ણ છે.

# STOCKS 1200

આજે બપોરના સત્ર દરમિયાન સ્થાનિક ઇક્વિટી સૂચકાંકો ઘટાડા સાથે કારોબાર  કરી રહ્યા હતા.

છેલ્લી મળેલી માહિતી મુજબ ,સેનસેક્સમાં  500 થી વધુ  જ્યારે નિફ્ટી માં 100 થી વધુ અંકનો ઘટાડો નોંધાયો હતો.

આઇટી, વીમા અને એફએમસીજી સહિત સમગ્ર બજારોમાં  વેચવાલી જોવા મળી રહી છે.

# UK/FRANCE/CANADA - WEST BANK

બ્રિટિશ, ફ્રેન્ચ અને કેનેડિયન નેતાઓએ પશ્ચિમ કાંઠે ઇઝરાયલી વસાહતોના સુનિયોજીત વિસ્તરણ વચ્ચે બે રાજ્યોના  ઉકેલનું રક્ષણ કરવાની તેમની પ્રતિબદ્ધતા" ને દોહરાવતું સંયુક્ત નિવેદન જાહેર કર્યું છે.

આ  સંયુક્ત નિવેદનમાં જણાવાયું હતું કે ઇઝરાયલી-પેલેસ્ટિનિયન સંઘર્ષનો દ્વિપક્ષિય ઉકેલ મધ્ય પૂર્વ અને સહિતના ક્ષેત્રોમાં શાંતિ, સ્થિરતા અને સુરક્ષા માટે મહત્વપૂર્ણ છે. તેમણે ચેતવણી આપી હતી કે ઇઝરાયલી વસાહતોનું સતત વિસ્તરણ શાંતિ માટે ખતરારૂપ છે. ત્રણેય નેતાઓએ E1 વસાહત પ્રોજેક્ટને આગળ વધારવાના ઇઝરાયલી સરકારના નિર્ણયની ટિકા કરી. તેમણે એ પણ પુનરોચ્ચાર કર્યો કે કબજા હેઠળના પશ્ચિમ કાંઠે ઇઝરાયલી વસાહતો આંતરરાષ્ટ્રીય કાયદા હેઠળ ગેરકાયદેસર છે. ત્રણ દેશોએ કહ્યું કે તેઓ ઇઝરાયલી વસાહતોના ઉત્પાદનોની આયાત પર પ્રતિબંધ મૂકશે.

# UN CHIEF-RUSSIA

યુએન સેક્રેટરી-જનરલ એન્ટોનિયો ગુટેરેસે જણાવ્યું હતું કે તાજેતરના રાજદ્વારી પ્રયાસો યુક્રેન-રશિયા શાંતિ વાટાઘાટો ફરી શરૂ કરવામાં મદદ કરશે. શ્રી ગુટેરેસે આ નિવેદન મોસ્કો અને કિવની વરિષ્ઠ યુએસ રાજદૂતોની તાજેતરની મુલાકાત બાદ આપ્યુ હતું. એક પ્રેસ નિવેદનમાં, પ્રવક્તા, સ્ટીફન ડુજારિકે જણાવ્યું હતું કે નવીનતમ પહેલ યુક્રેન અને રશિયન ફેડરેશન વચ્ચે વાટાઘાટો ફરી શરૂ કરવા તરફનું પગલુ છે. અને આ વાટાઘાટો  તાત્કાલિક, સંપૂર્ણ અને બિનશરતી યુદ્ધવિરામ માટે માર્ગ મોકળો કરશે. તેમણે ઉમેર્યું હતું કે સંયુક્ત રાષ્ટ્ર શાંતિ માટેના તમામ અર્થપૂર્ણ પ્રયાસોને સમર્થન આપવા તૈયાર છે.

યુરોપિયન એક્સટર્નલ એક્શન સર્વિસ દ્વારા જારી કરાયેલા ડેટા અનુસાર, યુદ્ધની શરૂઆતથી, EU અને સભ્ય દેશોએ યુક્રેનને 226 અબજ યુએસ ડોલરથી વધુ નાણાકીય, લશ્કરી, માનવતાવાદી અને શરણાર્થી સહાય કરી છે.